# Patient information: Gujarati

*Module 1*

## મોડ્યુલ 1
## આંતરડા વિશે જાણવા જેવું

આપણે જ્યારે ખાઈએ છીએ ત્યારે ખોરાક અન્નનળીમાંથી પસાર થઈને નીચે જઠરમાં અને ત્યારબાદ નાના આંતરડામાં જાય છે. ખોરાકમાંથી આપણને મળતાં મોટાભાગનાં પોષકતત્વો આપણા શરીરમાં નાના આંતરડામાં શોષાય છે. મોટું આંતરડું એ 1.5 મીટર્સ લાંબી નળી છે જે નાના આંતરડાને મળાશય અને ગુદા સાથે જોડે છે. તે ઉદરની નીચે જમણી બાજુએ આંત્રપુચ્છ અને સીકમ (મોટા આંતરડાનો શરૂનો ભાગ)થી શરૂ થાય છે, ઉપર તરફ પસાર થઈને પાંસળીઓની અંદરની બાજુએ પહોંચે છે અને પછી શરીરની ડાબી બાજુએથી પેડુના ભાગમાં નીચે આવે છે. મોટું આંતરડું લગભગ 3 સેન્ટીમીટર પહોળું હોય છે અને તે શરીરનાં કચરાનાં સંગ્રહ અને નિકાલ સહિતની મહત્વની ભૂમિકાઓ ભજવે છે.

મોટા આંતરડામાં પૉલિપ્સ (જઠરની અંતસ્ત્વચા પર ઉપસતો ફુગ્ગા જેવો ભાગ) અને કેન્સર સહિત ઘણી તકલીફો ઊભી થઇ શકે છે. પૉલિપ્સ વ્યાપક રીતે જોવા મળે છે, પરંતુ તે સામાન્ય રીતે બિનનુકસાનકારક અથવા બિનપ્રાણઘાતક હોય છે જેનો અર્થ એ છે કે તેઓ શરીરનાં અન્ય હિસ્સાઓમાં ફેલાતાં નથી. સામાન્ય રીતે તેના કોઇ લક્ષણો હોતા નથી. જો કે, તેમની ઓળખ થવી અગત્યની છે, કારણ કે તેઓ વધવાની સાથે પ્રાણઘાતક બની શકે છે, જો કે આ પ્રક્રિયામાં વર્ષો લાગે છે. મોટાભાગનાં પૉલિપ્સ ક્યારેય પ્રાણઘાતક બનતાં ન હોવા છતાં એમ મનાય છે કે મોટાભાગનાં કિસ્સામાં આંતરડાનાં કેન્સરની શરૂઆત નાના હળવા પૉલિપ્સથી થાય છે. મોટાભાગની ઘાતક બીમારીઓમાં (ખાસ કરીને મધ્યવયે અથવા વૃધ્ધાવસ્થામાં) આંતરડાનું કેન્સર સૌથી વ્યાપક છે.

મોટા આંતરડાને તપાસવા માટે વિવિધ પદ્ધતિઓ ઉપલબ્ધ છે જેમાં કોલોનોસ્કોપની મદદથી આંતરડાનાં અસ્તરની સીધી તપાસનો સમાવેશ થાય છે. કોલોનોસ્કોપ એ 1.5 મીટર લાંબી મૃદુ(ફ્લૅક્સિબલ) નળી છે જેના છેડા પર મેગ્નિફાયર અને લાઈટ હોય છે. નળીને મોટા આંતરડાની લંબાઈમાંથી પસાર કરી શકાય છે. જો પૉલિપ્સ જોવા મળે તો એ જ સમયે તેને દૂર કરી શકાય છે અથવા બળતરા કે પ્રાણઘાતકતાનાં ચિહ્નો શોધવા માટે માઈક્રોસ્કોપમાં વધુ તપાસ માટે 'બાયોપ્સિ' તરીકે ઓળખાતાં નાના સેમ્પલ લઇ શકાય.

*Module 2*

## મોડ્યુલ 2
## કોલોનોસ્કોપી માટેની તૈયારીઓ

પ્રક્રિયાનાં આરંભ અગાઉ કોલોનોસ્કોપીની જરૂરિયાતની ચર્ચા કરવામાં આવશે. કોલોનોસ્કોપી ઘણાં કારણોમાં સૂચવી શકાય છે જેમ કે એનએચએસ બાવલ કેન્સર સ્ક્રીનીંગ પ્રૉગ્રામનાં ભાગ રૂપે મોકલવામાં આવેલ મળનો નમૂનો લોહીનો અંશ બતાવતો હોય. તેનો અર્થ એવો થઈ શકે કે આંતરડામાં પૉલિપ્સ છે કારણ કે પૉલિપ્સમાંથી સમયાંતરે રક્તસ્ત્રાવ થતો રહે છે. મળ વાટે લોહી નીકળતું હોવાનો ખ્યાલ આવે અથવા કેટલાંક અઠવાડિયા સુધી ચાલતાં ઝાડાં(ડાયેરિયા) જેવા આંતરડા સંબંધિત નવા લક્ષણો દેખાય તો કોલોનોસ્કોપી કરાવવી જોઈએ.

કોલોનોસ્કોપી ઘણી સલામત પ્રક્રિયા હોવા છતાં થોડીક ગૂંચવણો (કૉમ્પ્લિકેશન્સ) ઊભી થવાનું જોખમ રહેલું છે જેની ચર્ચા આપની સાથે કરવામાં આવશે. લેખિત માહિતી આપને ઉપલબ્ધ કરાવવામાં આવશે જે આપ સાથે રાખી શકશો અને બાદમાં વાંચી શકશો. તેમ છતાં આ પ્રક્રિયા વિશે આપનાં મનમાં કોઈપણ પ્રશ્ન હોય તો આપ ડૉક્ટર અથવા નર્સને પૂછી શકો છો. જો આપ કોલોનોસ્કોપી કરાવવા માટે રાજી હોવ તો આ પ્રક્રિયા કરતાં પહેલાં આપને એક સંમતિપત્રક પર સહી કરવાનું કહેવામાં આવશે.

આપની સાથે ચર્ચા કરીને કોલોનોસ્કોપી માટેની ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવશે. શક્ય તેટલાં શ્રેષ્ઠ અવલોકન માટે પ્રક્રિયા અગાઉ આંતરડું સાફ કરવું જરૂરી બને છે. તેના માટે એક દિવસ અગાઉ આપનો ખોરાક વ્યવસ્થિત ગોઠવવાનો તથા દવાઓ લેવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આપની કોલોનોસ્કોપી થવાની હોય તેના એક દિવસ અગાઉ ઘરની બહારની કોઈપણ પ્રવૃત્તિ ન કરવી સલાહભર્યું છે કારણ કે આંતરડાને સાફ કરવાની દવા લીધાં બાદ આપે વારંવાર જાજરૂ (ટૉઈલેટ) જવાની જરૂર પડશે. આપને જરૂરી દવાઓ આપવામાં આવશે અને પ્રક્રિયા અગાઉ શું કરવું તે અંગે ચોક્કસ લેખિત સૂચનાઓ આપવામાં આવશે. તેમાં આપ જો અન્ય દવાઓ લેતા હો(દાખલા તરીકે તમે ડાયાબિટીસનાં દર્દી હોવ) તો તેને ઍડજસ્ટ કરવા કે તેને કામચલાઉ બંધ કરી દેવા સંબંધિત સૂચનાઓનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે કોલોનોસ્કોપીનાં ઘણાં કલાકો પહેલાં કંઈપણ ખાવું કે પીવું નહીં તે જરૂરી છે.

*Module 3*

## મોડ્યુલ 3
## કોલોનોસ્કોપી કરાવવી

આંતરડાને સાફ કરવા માટેની દવા લીધા બાદ અને ઘણાં કલાકો સુધી કંઈપણ ખાધા કે પીધા વગર રહ્યા બાદ કોલોનોસ્કોપીની પ્રક્રિયા થવાની હોય એ દિવસે આપ ઍન્ડૉસ્કોપી વિભાગમાં હાજરી આપશો. પ્રક્રિયા અગાઉ આપની અન્ય તબીબી સમસ્યાઓ, દવાઓ અને સંભવિત ઍલર્જી સહિતની વિગતો ફરીથી તપાસવામાં આવશે. પ્રક્રિયા માટે અગાઉ આપની લેખિત મંજૂરી લેવાઈ ન હોય તો લેવામાં આવશે. આપને આપનાં કપડાં કાઢીને હૉસ્પિટલ ગાઉન પહેરવાનું કહેવામાં આવશે. પ્રક્રિયા માટે આપને ઍન્ડૉસ્કોપી રૂમમાં લઈ જવામાં આવશે જ્યાં તપાસવા માટેનું ટૅબલ તથા વિવિધ સાધનો હશે. રૂમમાં ઍન્ડૉસ્કોપિસ્ટ અને બે નર્સ આપની કાળજી લેવા હાજર હશે.

કોલોનોસ્કોપ એ 1.5 મીટર લાંબી મૃદુ (ફ્લૅક્સિબલ) નળી છે જેના છેડા પર મૅગ્નિફાયર અને લાઈટ હોય છે. કોલોનોસ્કોપનાં હાથા પર આવેલાં ચક્રો ફેરવીને કોલોનોસ્કોપની ટોચને ખસેડી શકાય છે. કોલોનોસ્કોપ કમ્પ્યૂટર સાથે જોડેલું હોય છે જેનાં સ્ક્રીન પર ઍન્ડૉસ્કોપિક વ્યૂ જોઈ શકાય છે.

એક પાતળી પ્લાસ્ટિક કૅન્યુલા (નળી) આપના હાથ અથવા બાહુની નસમાં દાખલ કરવામાં આવશે જેના કારણે દવાઓ આપી શકાશે. આપને પૅઈનકિલર (દર્દશામક) અને ઍન્ટીસ્પાઝમોડિક (તાણશામક) દવા આપવામાં આવી શકે છે જેથી પ્રક્રિયા દરમિયાન આપ આરામદાયક અને સ્વસ્થ રહી શકો. વધુમાં આપને સેડટિવ(શામક દવા) અથવા ઍન્ટૉનોક્સ તરીકે ઓળખાતો પૅઈનકિલીંગ ગેસ પણ આપવામાં આવી શકે છે. જો કે, આપને કદાચ આ બધી દવાઓ લેવાની જરૂર ન જણાય તેમ બની શકે. આપની આંગળીમાં એક નાનો પ્રૉબ મૂકવામાં આવશે જે આપના લોહીમાં ઑક્સિજન અને આપના હૃદયનાં ધબકારાનું નિયમન કરે છે. નાની નળીઓ(ટ્યૂબ્સ) વડે આપના નાક વાટે વધારાનો ઑક્સિજન આપને આપવામાં આવી શકે છે.

આપના પર પ્રક્રિયા ચાલતી હશે એ દરમિયાન ઍન્ડૉસ્કોપિસ્ટ આપને સમજણ પાડશે કે શું ચાલી રહ્યું છે. આપ ડાબે પડખે સૂતા હશો અને આપના ઘૂંટણ આપના પેટ તરફ વાળેલા હોય એવી સ્થિતિમાં પ્રક્રિયા શરૂ થશે. કોઈપણ જરૂરી દવા આપની નસમાં મૂકાયા બાદ આપના મળાશયમાં કોલોનોસ્કોપ હળવેથી દાખલ કરાશે. ત્યાંથી તેને ધીરેથી આગળ સરકાવીને મોટા આંતરડા પાસે લઈ જવામાં આવે છે. પ્રક્રિયા દરમિયાન કોલોનોસ્કોપ

આગળ સરકી શકે તે માટે આપની સૂવાની સ્થિતિમાં આપે ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. આ પ્રક્રિયા સારી રીતે સહન કરી શકાય તેવી હોય છે પરંતુ ક્યારેક તે તકલીફદાયક કે દુ:ખદાયક બની શકે છે. આપને પવન કે વાયુ ભરાઈ રહ્યો હોય તેવી અનુભૂતિ પણ થઈ શકે છે.

પ્રક્રિયા બાદ આપ ઍન્ડૉસ્કોપી રિકવરી ઍરિયામાં પરત ફરશો. એક વખત આપ સંપૂર્ણપણે ભાનમાં આવી જાઓ અને સચેત થઈ જાઓ પછી આપ ઘરે પાછાં ફરી શકશો. એ વખતે કોલોનોસ્કોપીનાં પરિણામની આપની સાથે ચર્ચા કરવામાં આવશે અને જો જરૂર પડે તો આપને ફરી બોલાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. આપને અને આપના ડૉક્ટરને કોલોનોસ્કોપીનો અહેવાલ પૂરો પાડવામાં આવશે. જો આપને ઘેનની અસર હોય તો આપ જાતે ડ્રાઈવ કરીને જઈ નહીં શકો. આવી સ્થિતિમાં કોઈ આપને ઘરે મૂકી જાય તે આપના માટે સલાહભર્યું છે.

*Module 4*

## મોડ્યુલ 4
## પૉલિપ્સ ઓળખવા અને દૂર કરવા

કોલોનોસ્કોપીને કારણે આપણને પૉલિપ્સ ઓળખવા ઉપરાંત તેને દૂર કરવાની પણ તક મળે છે. પૉલિપ કેવા પ્રકારનું છે તેના પર તેને દૂર કરવાની પ્રક્રિયા અવલંબે છે. કેટલાંક પૉલિપ્સ આંતરડાની દીવાલ બહાર આવીને સ્ટૉક પર વિકાસ પામે છે જેને પૅડનક્યુલેટેડ પૉલિપ્સ કહે છે. ધાતુની આંકડી (ફાંદો કે સ્નેર કહેવાય છે) કોલોનોસ્કોપમાંથી નીચે ઉતારીને સ્ટૉકની ફરતે ગોઠવી શકાય છે. ફાંદામાંથી હળવો વીજપ્રવાહ વહે છે જે પૉલિપને તેના પાયા પાસેથી કાપે છે. ત્યારબાદ વધુ તપાસ માટે પૉલિપને કાઢી શકાય છે. સપાટ પૉલિપ્સ પણ વિકસી શકે છે જે આંતરડાની દીવાલની સપાટી પાસે હોય છે અને તેને ફાંદા વડે દૂર કરી શકાય છે; જો કે પૉલિપની ફરતે ફાંદો પસાર થઈ શકે તે માટે સૌપ્રથમ પૉલિપની નીચે ઈંજેક્શન વડે પ્રવાહી દાખલ કરવું જ પડે જેથી તે જઠરની દીવાલથી ઉપર અને દૂર ઊંચકાય.

પૉલિપ્સ મોટેભાગે નુકસાનકારક હોતા નથી પણ તેનાથી કૅન્સર થઈ શકે છે. લાંબા સમય સુધી દૂર ન કરેલાં કોઈપણ પૉલિપ્સમાં આંતરડાનાં કૅન્સરને નોંતરી લાવવાની ક્ષમતા રહેલી છે.